પ્રસિદ્ધિ તારીખ ૧૫ જુલાઈ, ૨૦૧૭


ISSN : 0976-3279

# પ્રગતિશીલ શિક્ષણ

૨૧મી સદીના સંવાદી વિકાસનું ચિંતન કરનાર શિક્ષકોનું માસિક

જુલાઈ ૨૦૧૭, વર્ષ : ૧૭, અંક : ૭, નકલ દીઠ રૂ. ૨૫/-

## ગુજરાતી વિશ્વકોશના દ્રષ્ટા-સ્રષ્ટા
## શ્રી ધીરુભાઈને
## જન્મશતાબ્દી નિમિત્તે વંદન



તંત્રી : પુરુષોત્તમ ગો.પટેલ

પરામર્શક : રવીન્દ્ર દવે, ગુણવંત શાહ

સહતંત્રી : વિનાયક ધોત્રે

વ્યવસ્થાપક તંત્રી : અનિલ પટેલ

# ટકાઉ માનવ વિકાસ

● અનિલકુમાર લકુમ

**પ્રસ્તાવના :**

સમગ્ર વિશ્વમાં આજે ચારેકોર વિકાસની ચર્ચા થઈ રહી છે. માનવ વિકાસ કેવો હોવો જોઈએ ? માનવ વિકાસ એવો હોવો જોઈએ કે ભવિષ્યમાં આવનારી અગણિત માનવ પેઢીઓ માટે પૃથ્વી અને પર્યાવરણ બંને જળવવા જોઈએ. પ્રવર્તમાન સમયમાં ઝડપી વિકાસ માટે આવનાર વર્ષોમાં પૃથ્વીનું અસ્તિત્વ જોખમમાં મુકાય તેવી પરિસ્થિતિનું નિર્માણ આપણે કરી રહ્યા છીએ. હાલની પેઢીઓ ઝડપી વિકાસ માટે વિશ્વની કુદરતી સંપત્તિ વાપરી નાંખશે, ખતમ કરી નાંખશે તો ભવિષ્યમાં આવનારી પેઢીઓ માટે શું બનશે ? વિકાસ જરૂરી છે પરંતુ પૃથ્વી અને પર્યાવરણના ભોગે તો નહિ જ. ટકાઉ માનવ વિકાસ એવો હોવો જોઈએ, જેમાં પૃથ્વી તેના ઉપરનું પર્યાવરણ, સજીવ સૃષ્ટિ જળવાય તેના માટે જરૂરી કુદરતી સંપત્તિ, જંગલો અને આબોહવાની જાળવણી કરવી અને તેનો સમોચિત ઉપયોગ કરવો તે છે.

**ટકાઉ માનવ વિકાસ માટેની મહત્ત્વની બાબતો**

૧. **દીર્ઘદૃષ્ટિ :**

અર્થકારણે અને રાજકારણે વિકાસ માટેનું ટૂંકાગાળાનું દૃષ્ટિબિંદુ જોઈએ. વિશ્વ સમાજે ઝડપી વિકાસ માટે વૈશ્વીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણની નીતિ અમલમાં મૂકી છે. આ નીતિથી વિકસિત દેશોને મહત્તમ ફાયદા થાય છે. વિકસતા અને ગરીબ દેશોને તેનાથી ઓછા ફાયદા થાય છે. આ ફાયદા ટૂંકાગાળાના છે. લાંબેગાળે નુકસાનકર્તા સાબિત થશે. ઝડપી નફો મેળવવા માટે (ઉતાવળે આંબા પકવવા) જાતજાતની ઉત્પાદનની અને વેચાણની ટેક્નિકો અપનાવી છે. જેમાં ઔદ્યોગિકીકરણ ઉપર સૌથી વધારે ભાર મૂકવામાં આવ્યો છે. ઔદ્યોગિકીકરણના કારણે કુદરતી સંપત્તિનો આડેધડ ઉપયોગ, જંગલોનો નાશ, પર્યાવરણને નુકસાન કરીને પ્રદૂષણની સમસ્યા જેવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. ઔદ્યોગિક વિકાસ માટે માનવીની મહત્ત્વની બાબતોની ઉપેક્ષા કરવામાં આવી છે. ઘણા દેશો અને રાજ્યોએ જન આરોગ્ય, જનશિક્ષણ અને ઉચ્ચ જીવન ધોરણને અગ્રિમતા અને પ્રાધાન્ય આપવાને બદલે તેની ઉપેક્ષા કરી છે. જે લાંબેગાળે માનવ સમાજને નુકસાનકર્તા છે.

૨. **માનવ સમાજ વ્યવસ્થા અને કુદરતી વ્યવસ્થાઃ**

માનવ સમાજ અને કુદરતી વ્યવસ્થા એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. માનવ સમાજ વ્યવસ્થા કુદરતી વ્યવસ્થા ઉપર આધાર રાખે છે. કુદરતી સંપદા અને તેનાં તત્ત્વોનો માનવ પોતાની જરૂરિયાતો સંતોષવા અને જીવન ટકાવી રાખવા માટે ઉપયોગ કરે છે. કુદરતી સંપદા અને તેના તત્ત્વોનો આડેધડ અને દુરુપયોગ કુદરતી વ્યવસ્થાને ખોરવે છે. જળ-જમીન-જંગલ માનવીની

જરૂરિયાતો પૂર્ણ કરે છે. જમીનની ફળદ્રુપતા ટકાવવી, પાણીનો સંચય કરવો, જંગલને ટકાવી રાખવાએ માનવ સમાજની નૈતિક જવાબદારી છે. પૃથ્વી ઉપરની આ કુદરતી વ્યવસ્થા ખોરવાશે, નાશ પામશે તો માનવ સમાજ પણ મુશ્કેલીમાં મુકાશે, નાશ પામશે. માનવ સમાજ અને કુદરત વચ્ચેના આ સંકલનને આપણે સમજીશું તો ટકાઉ માનવ વિકાસ સધાશે.

૩. **સમાનતા અને ન્યાય**

માનવ સમાજમાં જુદા જુદા વર્ગો, પછાત સમુદાયો વચ્ચે સામાજિક અને આર્થિક અસમાનતા જોવા મળે છે. આ અસમાનતાના લીધે ગરીબ વર્ગ, પછાત સમુદાયો પોતાની મૂળભૂત જરૂરિયાતો અને અધિકારોથી વંચિત રહે છે. સમાજમાં દરેક માનવને વિકાસના સમાન લાભો અને અધિકારો મળવા જોઈએ, રહેઠાણની સગવડ મળવી જોઈએ. આરોગ્ય અને શિક્ષણની સેવાઓ પ્રાપ્ત થવી જોઈએ, રોજગારી મળવી જોઈએ અને જીવન ધોરણ ઊંચું આવે એવા પ્રકારની સમાનતા અને અધિકાર મળે ત્યારે ટકાઉ માનવવિકાસ સધાયો તેમ કહી શકાય.

૪. **લોક ભાગીદારી :**

કુદરતી સંપત્તિ અને સાધનોનો ઉપયોગ, વહેંચણી અને તેના બચાવ માટે લોકોમાં જાગૃતિ અને લોક ભાગીદારી પ્રથમ આવશ્યક બાબત છે. પૃથ્વી, પર્યાવરણ અને સજીવ સૃષ્ટિના ભાવિ માટેના નિર્ણયોમાં લોકભાગીદારી જરૂરી છે. લોકો પોતાની નૈતિક જવાબદારી સમજી પૃથ્વી, પર્યાવરણ અને માનવસમાજને બચાવવા પ્રયત્ન કરશે તો ટકાઉ માનવ વિકાસ શક્ય બનશે.

**ટકાઉ માનવ વિકાસનાં અગત્યનાં પાસાં**

૧. **ટકાઉ પર્યાવરણીય વિકાસ**

પર્યાવરણની સમસ્યા વૈશ્વિક છે. એકબીજાથી આગળ નીકળવાની હોડમાં વિકસિત અને વિકસતા દેશો જાણે-અજાણ્યે પૃથ્વી અને તેના પર્યાવરણને નુકસાન કરી રહ્યા છે. માનવીની વધતી જતી જરૂરીયાતોને કારણે પૃથ્વીના પર્યાવરણ અને હવામાનમાં ખૂબ મોટા ફેરફારો થયા છે. ભૌતિક જરૂરિયાતોને સંતોષવા માટે કુદરતી સંપત્તિનો આડેધડ ઉપયોગ કરવાથી તાપમાનમાં વધારો થયો છે. વધતાં જતાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો ઉપયોગ ખોરાક અને પાણી બંનેને પ્રદૂષિત કરે છે.

ટકાઉ માનવ વિકાસની ચર્ચાની શરૂઆત પર્યાવરણની સમસ્યાની ચિંતામાંથી થઈ છે. કુદરતી સંસાધનો અને સંપત્તિઓ વિવેકપૂર્ણ ઉપયોગ પર્યાવરણને બચાવીશકશે. માનવ જીવન માટે જરૂરી સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી અને પૌષ્ટિક આહાર મળી રહેશે.

૨. **ટકાઉ આર્થિક વિકાસ**

માનવ વિકાસ માટે આર્થિક વિકાસ જરૂરી છે. પરંતુ માનવ વિકાસને ફક્ત આર્થિક વિકાસ, મૂડી રોકાણ અને ઉદ્યોગોના વિકાસને આધારે માપી શકાય નહીં. માનવીની સુખાકારીમાં થયેલા વધારાને આધારે માપવો પડે છે. આરોગ્ય સેવામાં વધારો, શિક્ષણ, ગરીબ અને પછાત લોકોની સ્થિતિમાં થયેલો સુધારો, રોજગારીનું પ્રમાણ અને ખેતીનો વિકાસ વગેરે જેવા માપદંડો વડે માનવીના વિકાસ માટે આર્થિક વિકાસને માપવો પડે છે.

આર્થિક વિકાસ રોજગારીની તકોમાં વધારો કરે છે. જીવન ધોરણ ઊંચુ લાવે છે. પરંતુ આર્થિક વિકાસ થવા છતાં કરોડો લોકો બેરોજગાર રહે. ગરીબી અને બેકારી સર્જાય તેને આર્થિક વિકાસ કહી શકાય નહીં. ગરીબી અને બેકારીની સમસ્યામાંથી વેશ્યા વ્યવસાય, બાળ મજૂરી, બાળ ગુનેગારી, ભિક્ષાવૃત્તિ, ગુનાખોરી જેવી અનેક સમસ્યાઓ જન્મે છે. દરેક દેશ એવા પ્રકારની આર્થિક નીતિઓ ઘડે કે જેના સીધા લાભ જરૂરિયાતમંદોને મળે, બેરોજગારોને રોજગારી મળે, ગરીબોની આર્થિક સ્થિતિમાં સુધારો થાય. સરકારની આર્થિક નીતિઓમાં વહીવટીતંત્રમાં પારદર્શકતા લાવવામાં આવે. ભ્રષ્ટાચાર દૂર કરવામાં આવે, વહીવટી પ્રક્રિયા સરળ બનાવવામાં આવે તો ટકાઉ આર્થિક વિકાસ સંભવી શકે છે.

૩. **ટકાઉ સામાજિક વિકાસ :**

- **સ્ત્રી-પુરુષ સમાનતા**

સમાજમાં સ્ત્રીઓની ઘટતી જતી સંખ્યા અને તેની ગંભીરતા અંગે સરકાર અને સમાજ ચિંતિત હોવા છતાં કમનસીબે આ દિશામાં સંતોષકારક પ્રગતિ થઈ શકી નથી. ભારતનાં તમામ રાજ્યો અને ગુજરાતમાં પણ સ્ત્રી-પુરુષ અસમાન પ્રમાણની સ્થિતિ ચિંતાજનક છે. સમાજમાં સ્ત્રીઓનું જાતીય શોષણ, અસલામતી, બળાત્કાર, છેડછાડ વગેરે સમસ્યાઓ સમાજના વિકાસ સામે પ્રશ્નાર્થ ચિહ્ન (?) મૂકે છે. સમાજમાં સ્ત્રી-પુરુષ પ્રમાણમાં સમાનતા સ્થપાય, સ્ત્રીઓનું ગૌરવ અને સન્માન જળવાય, સમાજના દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓની સમાન ભાગીદારી સધાય ત્યારે ટકાઉ સામાજિક વિકાસ થયો ગણાશે.

- **આરોગ્ય અને શિક્ષણ**

Human Development Index નક્કી કરવા માટે જે તે દેશના લોકોનું આરોગ્ય, શિક્ષણ અને જીવન ધોરણની ગણના કરવામાં આવે છે. જન આરોગ્ય અને શિક્ષણમાં રોકાણ કરવાથી સાચા અર્થમાં માનવ વિકાસ થયો ગણાય છે, જેના ફાયદા લાંબે ગાળે પ્રાપ્ત થાય છે. દેશના દરેક નાગરિકને પોષણક્ષમ આહાર મળે, આરોગ્યની જાળવણી માટે દાકતરી સેવાઓ ઉપલબ્ધ થાય, બાળકોની કુપોષણની સમસ્યા દૂર કરવામાં આવે, સ્ત્રીઓને સગર્ભા અવસ્થામાં પોષણક્ષમ આહાર અને પ્રસૂતિ માટે હૉસ્પિટલની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે. ૫ થી ૧૪ વર્ષના દરેક બાળકને ગુણવત્તાવાળુ પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત પ્રાપ્ત થવું જોઈએ.

- **લોક ભાગીદારી**

વિકાસના તમામ તબક્કે લોકભાગીદારીનો ખ્યાલ હવે સ્વીકૃત બનતો જાય છે. સ્થાનિક લોકો અને સંસ્થાઓને વિકાસની પ્રક્રિયામાં સહભાગી બનાવી તેમને પૂરતી સ્વાયત્તતા પ્રદાન કરવી જોઈએ. સમાજનો ગરીબ વર્ગ પછાત સમુદાયો અને સ્ત્રીઓ વિકાસ પ્રક્રિયામાં સહભાગી બની શક્તા નથી. વિકાસથી વંચિત રહેવા પામે છે. રાજકીય, આર્થિક અને શૈક્ષણિક વિકાસમાં તેમની ભાગીદારી ઓછી જોવા મળે છે. વિકાસ પ્રક્રિયામાં બધા લોકોની ભાગીદારી અને બધાનો વિકાસ થવો જોઈએ. લોકો ધર્મ, જ્ઞાતિ, જાતિ(sex), પ્રદેશના આધારે ભેગા થાય છે. પરંતુ સમાજના વિકાસ અને સામાજિક સ્થિતિ સુધારવા સંગઠિત થતા નથી તે દુઃખદ બાબત છે. તમામ મહત્ત્વના

નિર્ણયો અને વિકાસમાં લોકભાગીદારી ટકાઉ માનવ વિકાસ માટે જરૂરી બાબત છે.

૪. **ટકાઉ સાંસ્કૃતિક વિકાસ**

ટકાઉ માનવ વિકાસ માટે સમાનતા, માનવ અધિકારો, સ્વાતંત્ર્ય, ન્યાય, પ્રામાણિકતા, નિષ્ઠા, બિનસાંપ્રદાયિકતા વગેરે આવશ્યક સાંસ્કૃતિક મૂલ્યો છે. ભારતીય સમાજમાં જ્ઞાતિપ્રથા, જુદાજુદા ધર્મ અને તેમની માન્યતાઓ, સ્ત્રીનો દરજ્જો વગેરેના સંદર્ભમાં ભેદભાવ અને અસમાનતાના મૂલ્યો જોવા મળે છે. જે માનવ વિકાસ માટે અવરોધક અને નુકસાનકારક છે. ઉચ્ચ સાંસ્કૃતિક મૂલ્યોને આપણે સ્વીકારીએ, મહત્ત્વ આપીએ પરંતુ વ્યવહારમાં તેનું અનુકરણ કરવામાં ન આવે ત્યાં સુધી ટકાઉ માનવ વિકાસ શક્ય બનતો નથી.

● **ઉપસંહાર**

માનવ વિકાસના સરકારી અહેવાલો અને આંકડા એવું સૂચવે છે કે આર્થિક અને ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ કર્યો હોવા છતાં માનવ વિકાસના દરેક ક્ષેત્રે આપણે ખૂબ જ પાછળ રહ્યા છીએ. માનવ વિકાસમાં આર્થિક વિકાસનું ધ્યેય રાખવામાં આવે છે, જેના વગર ટકાઉ માનવ વિકાસ શક્ય નથી. માનવ વિકાસમાં પૃથ્વી, પર્યાવરણ, કુદરતી સંપત્તિ અને જંગલોની જાળવણી અને સમોચિત ઉપયોગ, સામાજિક સલામતી, કામનો અધિકાર, આરોગ્ય અને શિક્ષણનો અધિકાર, ઉચ્ચ જીવન ધોરણ વગેરેનો સમાવેશ થાય છે.

● સમાજશાસ્ત્ર વિભાગ, આટ્‌ર્સ & કોમર્સ કૉલેજ, કાંકણપુર, તા. ગોધરા. મો. ૯૪૨૭૫૯૫૯૫૦

## પ્રતિભાવ

'પ્રગતિશીલ શિક્ષણ' એપ્રિલ'૧૭માં અનિલભાઈ રાવલની ડૉ.પી.જી.પટેલ સાથેની મુલાકાતવાળો લેખ વાંચ્યો.

પી.જી. એક સરસ સૂચન કરે છે કે ઘરમાં નાનકડા ગૃહગ્રંથાલયની અંદર ગુજરાતી સાહિત્યના ઉત્તમ ગ્રંથો વસાવવા જોઈએ.

પહેલી વાત તો એ કે ભાગ્યે જ આપણાં ઘરોમાં ગ્રંથાલય હોય છે. ફ્રીઝ, ટીવી, મ્યુઝિક સિસ્ટમ, એસી, કૂલર વગેરે ઉપકરણો માટે જગા મળી રહે છે, પણ પુસ્તકો માટે નાનું સરખું કબાટ રાખવાની જગા મળતી નથી ! ટિપાઈ પર છાપું, પત્રિકાઓ, સામયિકો પડ્યાં હોય છે. કેટલાંકના તો રેપર પણ ખોલ્યાં હોતાં નથી.

પરણવા લાયક યુવક-યુવતી જીવનસાથીની પસંદગી કરવા જાય ત્યારે ઔપચારિક મુલાકાત બાદ ઘરમાં ગ્રંથાલય છે કે કેમ, એ પણ જોવું જોઈએ. જે ઘરમાં સદ્‌ગ્રંથો નથી, એ ઘરના સંસ્કારમાં કમી હોવાની.

● શાંતિલાલ ગઢિયા, ફોન. ૦૨૬૫-૨૪૮૧૬૮૦